## ચેક રિટર્ન કેસમાં આરોપીની સજા સામેની અપીલ ફગાવાઇ

સુરતઃ કતારગામના રહીશ જૈનેશ ધનજીભાઇ ભાદાણીએ ફરીયાદી જેનીશ ગોધાણી પાસેથી હીરાની ખરીદી કરી પેમેન્ટ પેટે ચેક આપ્યો હતો. જે ચેક રીર્ટન થતા ફરીયાદી જેનીશ ગોધાણીએ વકીલ નરેશ નાવડીયા મારફતે કોર્ટમાં ફરીયાદ કરી હતી. ટ્રાયલ કોર્ટએ આરોપીને તકસીરવાર ઠરાવી એક વર્ષની કેદની સજા અને ચેકની રકમ ફરીયાદીને વળતર તરીકે ચુકવવાનો હુકમ કર્યો હતો. ટ્રાયલ કોર્ટનાં હુકમ વિરૂધ્ધ આરોપી જૈનેશ ભાદાણીએ એડી.ડિસ્ટ્રીક્ટ જજની કોર્ટમાં અપીલ કરી હતી. આ કેસની સુનાવણી પૂર્ણ થયાં બાદ કોર્ટે અપીલ ફગાવી દઇ ટ્રાયલ કોર્ટનો હુકમ માન્ય રાખી આરોપી જૈનેશનાં જામીન રદ કરી ટ્રાયલ કોર્ટમાં હાજર થવા હુકમ કર્યો હતો.

## શાકભાજી લેવા ગયેલી વૃદ્ધાની સોનાની ચેન ચોરાઇ

સુરતઃ અમરેલીના લીલીયા તાલુકાના વતની અને હાલ પાસોદરા ગામના ઓમ રો હાઉસમાં રહેતા ૬૨ વર્ષીય ચંપાબેન ધીરુભાઇ વઘાસિયા સાથે ચોરીની ઘટના બની છે. ગત તા. ૧૩ માર્ચ, ૨૦૨૬ના રોજ સાંજે આશરે ૬:૩૦ વાગ્યાના સમયે ચંપાબેન પાસોદરા વિસ્તારમાં મહાદેવ મંદિર પાસે આવેલા શાકભાજી માર્કેટમાં ખરીદી કરવા માટે ગયા હતા. તે સમયે બજારમાં ભારે ભીડ હતી, જેના કારણે ચોરોને તક મળી હતી.આ દરમિયાન કોઇ અજાણ્યા ઇસમએ ચંપાબેનની નજર ચૂકવી કુશળતાપૂર્વક તેમના ગળામાં પહેરેલી અંદાજે રૂપિયા ૩ લાખ કિંમતની સોનાની ચેન ખેંચી લીધી હતી. આ મામલે લસકાણા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે અજાણ્યા ચોર સામે ગુનો દાખલ કરી તપાસ આદરી છે.

## એક કરોડની ઠગાઈમાં આરોપીને ડિફોલ્ટ બેઇલનો લાભ મળ્યો

સુરતઃ કતારગામ પોલીસે નિયત સમયમાં ચાર્જશીટ રજૂ ન કરતાં કોર્ટે આરોપીનાં જામીન મંજુર કર્યા હતા. આરોપી અજયકુમાર રામુભાઇ ગામીતએ ફરીયાદી ગુણવંતભાઇ દામજીભાઇ સાંકડાસારીયની બે કંપની પાસેથી યાર્નના માલની ખરીદી કરી હતી. જેનાં બાકી પેમેન્ટ પેટે રૂ.૧,૦૧,૦૪,૦૮૬ની આરોપીએ ચુકવણી નહી કરતા કતારગામ પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાઇ હતી. ફરિયાદને આધારે પોલીસે અજયકુમાર રામુભાઇ ગામીતની ધરપકડ કરી હતી. કોર્ટમાં નિયમ મુજબ ધરપકડ થયાના તારીખથી ૬૦ દિવસમાં પોલીસે આરોપી વિરુદ્ધ ચાર્જશીટ રજૂ નહીં કરતાં પોલીસની બેદરકારીના કારણે આરોપી અજયકુમાર ગામીતએ એડવોકેટ કિશન પારેખ મારફતે કોર્ટમાં ડિફોલ્ટ બેઇલ અરજી કરી હતી. જેની સુનાવણી દરમિયાન તપાસ અધિકારી દ્વારા અન્ય ગંભીર ગુનાની તપાસને કારણે ચાર્જશીટ રજૂ કરી શક્યાં ન હોવાનું જણાવ્યું હતું. પોલીસે કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરવામાં ભૂલ કરેલ છે તે નોંધીને કોર્ટે આરોપી અજયકુમાર ગામીતને શરતી જામીન ઉપર મુક્ત કરવાનો હુકમ કર્યો હતો.

## મોજશોખ માટે વાહન ચોરી કરતો શખ્સ ઝડપાયો

સુરતઃ શહેરમાં વધતી વાહન ચોરીને ડામવા સક્રિય ક્રાઇમ બ્રાંચે ચોકબજારના ગાંધીબાગ પાસેથી મુસ્તાક મુખ્તાર શેખ (રહે., પાવર હાઉસ, ચીમની ટેકરા, ઉમરવાડા) ને ચોરાયેલી એક્ટિવા સાથે ઝડપી પાડ્યો છે. તપાસમાં બહાર આવ્યું કે આરોપી ખાસ કરીને એવાં વાહનોને નિશાન બનાવતો હતો જેમાં માલિકો ભૂલથી ચાવી અંદર જ છોડી દેતા હોય. સલાબતપુરા વિસ્તારમાંથી ચોરેલા આ મોપેડનો ઉપયોગ તે પોતાના મોજ-શોખ પૂરા કરવા કરતો હતો. પોલીસે મોપેડ કબજે કરી આરોપીની અન્ય ગુનાઓમાં સંડોવણી અંગે તપાસ તેજ કરી છે.

પહેલા જ રવિવારે સર્જાયેલી અવ્યવસ્થાને પગલે

# વિરોધ વચ્ચે ડુમસ સી ફેસનાં દબાણો દૂર

**સી ફેસિંગ** એરિયા તેમજ પાળા પર અડિંગો જમાવીને ઊભેલી લારીઓ હટાવી દેવાઈ

**પાળા** પર ગેરકાયદે ઊભા કરવામાં આવેલા ચાદર અને બાંબુના બનેલા તંબુ પણ તોડી પડાયા



સુરતઃ સુરતના ડુમસ સી-ફેસ ડેવલપમેન્ટ પ્રોજેક્ટનો પ્રથમ ફેઝને ખુલ્લો મુકાયા બાદ પ્રથમ રવિવારે જ સર્જાયેલી અવ્યવસ્થાને પગલે સુરત મહાનગરપાલિકા દ્વારા સ્થાનિક લોકોના ભારે વિરોધની વચ્ચે આસપાસના વિસ્તારોમાં નડતરરૂપ ગેરકાયદે દબાણો હટાવવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી.

બુધવારે વહેલી સવારે અઠવા ઝોનની દબાણ ટીમ કાફલા સાથે ડુમસ પહોંચી હતી અને સી-ફેસના સીટિંગ એરિયા તેમજ પાળા ઉપર અડિંગો જમાવીને ઉભેલી ખાણીપીણીની લારીઓ હટાવવાની કાર્યવાહી શરૂ કરી હતી. મનપાની આ આકસ્મિક કાર્યવાહીને પગલે સ્થળ પર હાજર મહિલા સંચાલકો અને લારીધારકોએ ભારે વિરોધ નોંધાવ્યો હતો. મહિલાઓએ મનપાના કર્મચારીઓ સાથે ઉગ્ર બોલાચાલી કરતા ચીમકી ઉચ્ચારી હતી કે, જો અમારી લારી તૂટશે તો 25 હજાર રૂપિયા આપવા પડશે.

સ્થાનિકોએ લારી હટાવવાનો મનપાને કોઈ હક નથી તેમ કહીને વિરોધ પ્રદર્શન કરતા થોડીવાર માટે તંગદિલી સર્જાઈ હતી.મનપાએ ડુમસ સી ફેઝ પર લારીઓ જ નહીં, પરંતુ પાળા ઉપર ગેરકાયદેસર રીતે ઉભા કરવામાં આવેલા લાકડાના બાંબુ અને ગ્રીન ચાદરના તંબુઓ પણ તોડી પાડીને દૂર કર્યા હતા. ડુમસ સી-ફેસના નવનિર્મિત પ્રોજેક્ટની સુરક્ષા અને જાળવણી માટે આ વિસ્તાર મનપાના કબજા હેઠળ લેવામાં આવ્યો છે. પાળા ઉપર ગેરકાયદે દબાણ કરી બેઠેલા લોકોને બે દિવસ પૂર્વે જ નોટિસ આપીને સ્વેચ્છાએ જગ્યા ખાલી કરવા સૂચના અપાઈ હતી, છતાં અમલ ન થતા આખરે કડક હાથે કામગીરી કરવામાં આવી હતી. મનપાએ સ્પષ્ટ કર્યું છે કે જાહેર સુરક્ષા અને પર્યટકોની સુવિધા માટે આ પાળા ઉપર કોઈપણ પ્રકારના દબાણો ચલાવી લેવામાં આવશે નહીં. બીજી તરફ, વર્ષોથી અહીં રોજગારી મેળવતા સ્થાનિક પરિવારોમાં આ કાર્યવાહીને પગલે પોતાની આજીવિકા છીનવાઈ જવાની ચિંતા વ્યક્ત કરવામાં આવી રહી છે.






# વેપારીનો મોબાઈલ ગુમ થયો અને Paytmથી ૯૯ હજાર ઉપડી ગયા

**અલથાણમાં** ગ્રીન વિક્ટરી એપાર્ટ. માં રહેતા મનોજ મનધ્યાની રિંગ રોડ પર જશ માર્કેટ નજીક શાકભાજી લેવા ઊભા રહ્યા ત્યારે મોબાઇલ ગુમ થઈ ગયો હતો

સુરતઃ અલથાણ કેનાલ રોડ પર ગ્રીન વિક્ટરી એપાર્ટમેન્ટમાં રહેતા અને વેપાર ધંધા સાથે સંકળાયેલા મનોજકુમાર મેવાલાલ મનધ્યાની (ઉંમર ૭૨) સાથે ડિજિટલ છેતરપિંડીનો બનાવ બન્યો છે.ગત ૧૭ ડિસેમ્બરના રોજ મોડી સાંજે મનોજભાઈ સહારા દરવાજા તરફથી ઉધના દરવાજા જવા નીકળ્યા હતા. રિંગ રોડ નીચે જશ માર્કેટ નજીક તેઓ શાકભાજી લેવા ઊભા રહ્યા હતા. આ દરમિયાન તેમનો સેમસંગ કંપનીનો મોબાઈલ ફોન ક્યાંક ખોવાઈ ગયો હતો.મોબાઈલ ગુમ થયા બાદ અજાણ્યા ઈસમએ તેનો દુરુપયોગ કરી પે-ટીએમ એપ મારફતે મનોજભાઈના આઈસીઆઈસીઆઈ બેંકના સેવિંગ એકાઉન્ટમાંથી કુલ રૂપિયા ૯૯,૦૦૦ ટ્રાન્સફર કરી લીધા હતા. થોડા જ સમયમાં થયેલી આ ટ્રાન્ઝેક્શનથી વૃદ્ધ વેપારીને મોટો આર્થિક ફટકો પડ્યો છે.

બનાવ અંગે જાણ થતાં મનોજભાઈએ સલાબતપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના આધારે પોલીસે અજાણ્યા આરોપી વિરુદ્ધ ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે. પ્રાથમિક તપાસમાં પોલીસે ટેકનિકલ સર્વેલન્સ તેમજ ડિજિટલ ટ્રાન્ઝેક્શનના આધારે આરોપી સુધી પહોંચવા પ્રયાસો તેજ કર્યા છે.

# તમામ કોમ્યુનિટી હોલમાં ગેસલાઈન છે?, તપાસ કરો: કલેક્ટરનો આદેશ

**કલેક્ટર** અને મનપા અધિકારીઓ વચ્ચે મહત્વપૂર્ણ બેઠક, બે દિવસમાં પાઈપલાઈન કનેક્શન અપાશે

સુરતઃ સુરતમાં કમર્શિયલ ગેસ સિલેન્ડરની સંભવિત અછતને ધ્યાનમાં રાખીને જિલ્લા કલેક્ટર અને પુરવઠા વિભાગ દ્વારા આજે સુરત મહાનગર પાલિકાના ઝોનલ અધિકારીઓ સાથે મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. બેઠકમાં કલેક્ટરે મનપાના તમામ 62 કોમ્યુનિટી હોલની આગામી બે દિવસમાં તાત્કાલિક તપાસ કરવા સૂચના આપી છે. આ તપાસ દરમિયાન દરેક હોલમાં ગેસ પાઈપલાઈન કનેક્શન છે કે નહીં તેની વિગતવાર માહિતી એકત્રિત કરવામાં આવશે. જ્યાં કોમ્યુનિટી હોલમાં ગેસ પાઈપલાઈન કનેક્શન ઉપલબ્ધ ન હોય, ત્યાં આગામી બે દિવસમાં જ પાઈપલાઈન કનેક્શન પૂરું પાડવાની પણ સ્પષ્ટ સૂચના આપવામાં આવી છે.

### તંત્રની ઝડપ: નાયી સમાજના હવન માટે 24 કલાકમાં ગેસ લાઇન શરૂ

સુરતઃ ચૈત્ર સુદ એકમના પવિત્ર દિવસે લીમ્બાચીયા નાયી સમાજ દ્વારા દર વર્ષે પરંપરાગત રીતે કુળદેવી શ્રી લીંબચ માતાજીનો હવન કરવામાં આવે છે. આ વર્ષે પણ શ્રી પાટણ વાળા પરગણા પ્રગતિ નાયી સમાજ, સુરત મંડળ દ્વારા 17મો સ્નેહમિલન સમારોહ, વિદ્યાર્થીઓનું ઇનામ વિતરણ, વડીલ વંદના કાર્યક્રમ તથા શ્રી લીંબચ માતાજીના હવનનું આયોજન તા. 19 માર્ચ 2026ના રોજ એસએમસી કોમ્યુનિટી હોલ, વસ્તાદેવડી રોડ, કતારગામ ખાતે કરવામાં આવ્યું છે. જો કે, કાર્યક્રમના એક દિવસ પહેલા હોલમાં ગુજરાત ગેસ કંપનીની ગેસ લાઇન બંધ હોવાનું ધ્યાન પર આવતા તાત્કાલિક મુશ્કેલી ઉભી થઇ હતી. આ સંજોગોમાં સમાજના અગ્રણીઓએ સુરતના કલેક્ટર સમક્ષ રજૂઆત કરી હતી. કલેક્ટરે તાત્કાલિક અસરથી સુરત મહાનગરપાલિકા અને ગુજરાત ગેસ કંપની સાથે સંકલન સાધી, 24 કલાકથી પણ ઓછા સમયમાં ગેસ લાઇન પુનઃ શરૂ કરાવી દીધી હતી.

## કાપડના વેપારી સાથે 34.76 લાખની છેતરપિંડી કેસમાં 12 આરોપી પૈકી 1 પકડાયો

સુરતઃ મહિધરપુરા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા કેસ મુજબ વર્ષ 2026 દરમિયાન દલાલ આશિષ ગુપ્તા, તુષારભાઈ વાડદોરીયા, સુમિતભાઈ, ઉર્વેશ દેવરાજ ધામેલીયા, અમિત, સુરેશભાઈ ખુંટ, આગમ શાહ, ઉમંગ અનિલકુમાર ટીબ્રેવાલ, પંકજ ઉધ્ધવદાસ માખીજા, ઉમેશ નવજીભાઈ ગામીત, ધાર્મિક લક્ષ્મણભાઈ પાદરીયા અને મનીષકુમાર કાન્તિલાલ જૈનનાઓએ ભેગા મળી કુલ રૂ.34,76,989નો માલ મેળવી પેમેન્ટ કર્યું નહીં અને માલ પરત આપ્યો નહીં. બાદમાં દુકાનો બંધ કરી અને મોબાઈલ ફોન સ્વીચ ઓફ કરી ફરાર થઈ ગયા હતા. પોલીસે આ કેસમાં પંકજ માખીજાની ધરપકડ કરી હતી.

# ખોટાં બિલો બનાવી OTP મેળવી એકાઉન્ટન્ટે 94 લાખનું કરી નાખ્યું

**અડાજણના** વેપારી પીયૂષ બુદ્ધદેવે પેઢીમાં એકાઉન્ટન્ટ તરીકે શ્રવણ ઈદાવટને નોકરીએ રાખ્યો હતો

**વિશ્વાસ** જિત્યા બાદ શ્રવણે ધીરે ધીરે કરીને પેઢીમાંથી 94 લાખ રૂપિયાની ઉચાપત કરી

સુરતઃ વરાછા વિસ્તારમાં વિશ્વાસુ કર્મચારી દ્વારા માલિકને છેતરવાનો ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે. એકાઉન્ટન્ટે ખોટા બિલોના આધારે પેઢીના ખાતામાંથી લાખો રૂપિયા પોતાની ખાતામાં ટ્રાન્સફર કરી ૯૪ લાખની ઉચાપત કરતા વેપારી દંગ રહી ગયો છે.

અડાજણના હનીપાર્ક રોડ વિસ્તારમાં રહેતા અને જૂની બોમ્બે માર્કેટમાં ગોકુલ સિલ્ક પેઢીના નામે ધંધો કરતા પિયુષભાઈ લલીલભાઈ બુદ્ધદેવ (ઉ.વ. ૪૮)ની પેઢીમાં છેલ્લા ત્રણ વર્ષથી એકાઉન્ટન્ટ તરીકે શ્રવણ બાબુભાઈ ઈદાવટ (રહે, ઉમિયાધામ રેસીડેન્સી, ડિંડોલી) કામ કરતો હતો. શ્રવણને પેઢીના તમામ ઓનલાઈન ટ્રાન્ઝેક્શન, હિસાબ-કિતાબ અને પેમેન્ટની જવાબદારી સોંપવામાં આવી હતી. શરૂઆતમાં શ્રવણે વિશ્વાસ જીત્યા બાદ ધીમે ધીમે છેતરપિંડીનો ખેલ શરૂ કર્યો હતો. તેણે અલગ અલગ વેપારીઓ પાસેથી માલ ખરીદ્યો હોવાનું દર્શાવતા ખોટા બિલો તૈયાર કર્યા અને તેની ચુકવણી કરવા માટે માલિક પાસેથી ઓટીપી મેળવી લીધા હતા. પિયુષભાઈ વિશ્વાસના આધારે ઓટીપી આપતા રહ્યા અને શ્રવણ આ તકનો લાભ લઈ પેઢીના ખાતામાંથી પોતાની અંગત બેંક ખાતામાં રકમ ટ્રાન્સફર કરતો રહ્યો. તપાસમાં સામે આવ્યું કે, ૨૨ ડિસેમ્બર ૨૦૨૩થી ૩૧ ડિસેમ્બર ૨૦૨૫ સુધીના સમયગાળા દરમિયાન શ્રવણે તબક્કાવાર રીતે કુલ રૂપિયા ૯૪,૦૨,૩૧૯ની ઉચાપત કરી છે. લાંબા સમય સુધી આ ગોટાળો છુપાયેલો રહ્યો હતો, પરંતુ હિસાબ ચકાસતા આખરે ભાંડો ફૂટ્યો હતો. ઘટનાની જાણ થતાં પિયુષભાઈએ વરાછા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે.

# વેપારી સાથે બે ગઠિયા દ્વારા ૨૪.૪૯ લાખની છેતરપિંડી

**સાકેત** બજાજ સાથે છેતરપિંડી કર્યા બાદ બહુચર આર્ટનો મિલને દુકાનને તાળાં મારી દીધાં

**જ્યારે** દલાલ પરેશે સાકેત બજાજને મારી નાંખવાની ધમકી આપી

સુરતઃ ઉધના વિસ્તારમાં હોટમિક્સ વેપારી સાથે લાખોની છેતરપિંડી કરાઈ છે.

મળતી માહિતી મુજબ, ઓગસ્ટ ૨૦૨૫ દરમિયાન કતારગામ વિસ્તારમાં કાંતારેશ્વર મંદિર પાસે આવેલી બહુચર આર્ટના માલિક મિલનએ દલાલ પરેશ મારફતે ઉધના ઉદ્યોગનગર વિસ્તારના ન્યુ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં આર.એસ. એન્ટરપ્રાઈઝ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ નામે વ્યવસાય કરતા સાકેતભાઈ સુશીલભાઈ બજાજ (રહે, અલથાણ કેનાલ રોડ, વાસ્તુ ડિસ્કવરી) સાથે સાકેતભાઈ પાસેથી હોટ ફિક્સનો માલ ખરીદ્યો હતો. કુલ રૂ. ૨૪,૪૯,૭૯૮ના માલની ડિલિવરી બાદ ચુકવણી તરીકે મિલને અંદાજે અઢી લાખ રૂપિયાના બે ચેક આપ્યા હતા. પરંતુ ચેક ક્લિયર થવાના સમયે એક ચેક બાઉન્સ થયો હતો. જ્યારે બીજા ચેક પર સ્ટોપ પેમેન્ટ કરાવી દેવામાં આવ્યું હતું. તપાસ કરતાં મિલન દુકાન બંધ કરીને ભાગી ગયાનું બહાર આવ્યું હતું. જ્યારે દલાલ તરીકે કામ કરનાર પરેશે શરૂઆતમાં વાયદા કરી બાદમાં જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી હતી. ઘટના અંગે ઉધના પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

# મનપા ચૂંટણી માટે કોંગ્રેસ દ્વારા સેન્સ પ્રક્રિયા શરૂ

**ચાર** દિવસીય સેન્સ પ્રક્રિયા સાથે મજબૂત ઉમેદવારોની શોધ શરૂ



સુરતઃ સુરત મહાનગરપાલિકાની આગામી ચૂંટણીના પડઘમ વાગતાની સાથે જ કોંગ્રેસ પક્ષ સક્રિય થઈ ગયો છે . કોંગ્રેસ હાઈકમાન્ડ દ્વારા ખાસ ઓબ્ઝર્વર ટીમ સુરત મોકલવામાં આવી છે, જેમાં પૂર્વ જનરલ સેક્રેટરી સલીમ શેખ અને અજય ગામીત આ ઓબ્ઝર્વરોએ સુરતમાં ધામા નાંખ્યા છે અને શહેરના વિવિધ વિસ્તારોના સ્થાનિક કાર્યકરો તેમજ પાયાના આગેવાનો સાથે રૂબરૂ બેઠકો યોજીને 'સેન્સ' લેવાની પ્રક્રિયાનો પ્રારંભ કરી દીધો છે, જે આગામી ચાર દિવસ સુધી સતત ચાલવાની છે.

આ ચૂંટણી પ્રક્રિયામાં કોંગ્રેસ પક્ષે 120 વોર્ડ માટે યોગ્ય અને પ્રભાવશાળી પ્રતિનિધિઓની પસંદગી કરવા ખાસ વ્યૂહરચના તૈયાર કરી છે, જેથી ગત ચૂંટણીની સંગઠનાત્મક ખામીઓ અને ઉમેદવાર પસંદગીમાં થયેલી ભૂલોનું પુનરાવર્તન ન થાય. રાજકીય વિશ્લેષકો માની રહ્યા છે કે સુરત કોર્પોરેશનની આ ચૂંટણી કોંગ્રેસ માટે પ્રતિષ્ઠાનો પ્રશ્ન છે, જેના કારણે આગામી દિવસોમાં પક્ષનું સંગઠન વધુ આક્રમક અને સક્રિય ભૂમિકામાં જોવા મળશે.

# પરિણીતાનો વિડીયો બનાવી શોષણમાં હોમગાર્ડ પકડાયો

**હોમગાર્ડે** પરિણીતાને બ્લેકમેઈલ કરી હતી અને ઘરેણાં-બાઈક પડાવી લીધાં હતાં

સુરતઃ સુરત શહેરમાં ચકચાર મચાવનાર રાંદેર દુષ્કર્મ કેસમાં પોલીસને સફળતા મળી છે. પરિણીતાને મિત્રતા કેળવી હોટલમાં લઇ જઈ કેફી પીણું પીવડાવી દુષ્કર્મ આચરનાર હોમગાર્ડ પ્રકાશ હરિલાલ છબલાણીને આખરે પોલીસે ઝડપી પાડ્યો છે. આરોપી સામે ગંભીર ગુનાઓ નોંધાયા બાદ તેની શોધખોળ ચાલી રહી હતી.

પ્રકાશ છબલાણી રાંદેર પોલીસ મથકે હોમગાર્ડ તરીકે ફરજ બજાવતો હતો. પોતાની નોકરીનો ગેરફાયદો ઉઠાવી તેણે મીસિંગ અરજીમાંથી મહિલાનો મોબાઈલ નંબર મેળવી સંપર્ક સાધ્યો હતો. શરૂઆતમાં પોલીસ તરીકે ઓળખ આપી મહિલાને વિશ્વાસમાં લઈ પછી ધમકી આપીને તેને પોતાના જાળમાં ફસાવી હતી.આરોપીએ મહિલાને કેસની આડમાં ડરાવી પૈસા પડાવ્યા હતા અને બાદમાં હોટલમાં લઇ જઈ બેભાન હાલતમાં દુષ્કર્મ આચર્યું હતું. આ સમગ્ર કૃત્યનો વીડિયો બનાવી તેણે મહિલાને વારંવાર બ્લેકમેલ કરી શારીરિક શોષણ ચાલુ રાખ્યું હતું. સાથે સાથે મહિલાના સોનાના ઘરેણાં અને લોન પર બાઈક પણ પડાવી લઇ લાખોની છેતરપિંડી કરી હતી.ઘટનાની જાણ થતા પોલીસે તાત્કાલિક તપાસ હાથ ધરી આરોપીને ઝડપી પાડ્યો છે. હાલ પોલીસ દ્વારા આરોપીની પુછપરછ ચાલી રહી છે અને વધુ ગુનાઓ બહાર આવવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

**સુરતીપણું** કોટ વિસ્તારની બેગમપુરાની દુધારા શેરીમાં સામૂહિક ભોજનની પરંપરા 25 વર્ષે પણ અકબંધ

# પાંચ દિવસ પરંપરાગત, પાંચ દિવસ કોન્ટિનેન્ટલ



**આખી** શેરીમાં એકપણ ઘરમાં 10 દિવસ સુધી રસોઈ બનતી નથી

**ભજિયાં**-પાત્રાના ગુજરાતી ભોજનની જેમ પિત્ઝા, બર્ગર પણ બનાવવામાં આવે છે

સુરત : સુરત ઉત્સવપ્રિય લોકોનું શહેર છે. જો કે, આ ઉત્સવને એક દિવસ પૂરતો સિમિત રાખવામાં સુરતીઓ ક્યારેય પણ માનતા નથી. ઉત્તર ભારત અને રાજસ્થાનમાં હોળી સૌથી પ્રિય તહેવાર છે. જો કે, ત્યાં પણ તે વધુમાં વધુ પાંચ દિવસ સુધી મનાવવામાં આવે છે પરંતુ કેટલાક સુરતીઓ આ તહેવાર ધૂળેટી પછી 10 દિવસ સુધી ઉજવે છે. હા આ વાત છે સુરતના કોટ વિસ્તારમાં આવેલા બેગમપુરા દૂધારા શેરીની. અહીં ધૂળેટી પછી 10 દિવસ સુધી રાત્રે સામુહિક ભોજનની પરંપરા છે એટલે કે આ શેરીના એકપણ ઘરમાં સાંજની રસોઈ દસ દિવસ સુધી બનતી નથી અને તેમાં પણ પહેલા પાંચ દિવસ પરંપરાગત ગુજરાતી ભોજન જેમકે ભજીયા, પાત્રા, લીલી કચુમ્બર, બટાકાની ચીપ્સ, જુદી જુદી દાળ, વીસરાતા જતાં શાક અને સ્વીટ્સ પીરસવામાં આવે છે.

જ્યારે છેલ્લા પાંચ દિવસ કોન્ટિનેન્ટલ ફૂડ પર ભાર મૂકવામાં આવે છે. આ પાંચ દિવસ પીત્ઝા, પાસ્તા, ફ્રેન્કી, બર્ગર નો સમાવેશ થાય છે. આ ઉપરાંત ચાઈનીઝ અને નુડલ્સનો સમાવેશ કરવામાં આવે છે.

### હોળીના બીજા દિવસે શેકેલા બટાકા, શક્કરિયા ખાવાનો રિવાજ સામૂહિક ભોજનમાં બદલાઈ ગયો: અશોક જરીવાળા



બેગમપુરા દૂધારા શેરીમાં રહેતા અશોકભાઇ જરીવાલાના જણાવ્યા અનુસાર છેલ્લા 25 વર્ષથી શરુ થયેલી આ પરંપરા આજે પણ યથાવત છે. સુરતમાં હોળી પ્રગટ્યા બાદ બીજા દિવસે કે ત્રીજા દિવસે સુરતીઓ તેમાં બટાકા અને સક્કરિયા શેકીને ખાતા હતાં. જો કે, આ સામુહિક રીતે સક્કરિયા અને બટાકા ખાવાની પરંપરાને તેમણે સામુહિક ભોજનની પરંપરામાં ફેરવી નાંખી છે. જે આજે પણ યથાવત રહેવા પામી છે.

### મધમમ વર્ગ હોય કે તવંગર તમામ એક જ પંગતમાં બેસે છે

પંગત આ શબ્દ કદાચ નવી પેઢી માટે ખરેખર જ સમજી નહીં શકાય તેટલો નવો છે પરંતુ પહેલા શુભપ્રસંગોમાં જ્યારે પણ જમણવાર થતો હતો ત્યારે શેત્રંજી પર બેસીને સાથે જમવાની રીતને પંગત કહેવાતી હતી. હવે બુફેનો જમાનો આવી ગયો છે એટલે આ પ્રથા ક્યાંય જોવા મળતી નથી પરંતુ બેગમપુરામાં ધૂળેટી પછી જેટલી શેરમાં જમણવાર થાય છે તેમાં પંગત હોય છે. એટલે પંગત શું હતું તે જાણવા માટે નવી પેઢીને આ ઉજવણી દરમિયાન એક વખત તો આ શેરીઓની મુલાકાત કરાવવી જ જોઇએ. અહીં ગરીબ, મધ્યમવર્ગ કે પછી તવંગર બધા એક જ પંગતમાં બેસીને જમે છે.